**નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણની કચેરી**
**યુનિવર્સિટી ભવન**
**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ**

જા.નં.આકૃયુ/વિક/હેલ્થ સેન્ટર/૧૪૬૫/૨૦૧૫ તા.૭ –૨–૨૦૧૫.

પ્રતિ,

આચાર્યશ્રી,
કૃષિ/વેટરનરી/ડેરી/એફપીટી/એગ્રી.એન્જી./
એઆઈટી/બાગાયત/આઈએબીએમઆઈ કોલેજ,
આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ/વસો/ગોધરા/જબુગામ

આચાર્યશ્રી,
કૃષિ/બાગાયત/એગ્રી.એન્જી./ફુડસાયન્સ એન્ડ
હોમ ઈકોનોમીક પોલીટેકનીક,
આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ/વસો/દાહોદ/વડોદરા

વિષયઃ **H1N1 (સ્વાઈન ફલુ) ના ફેલાવવા બાબત..**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે હાલમાં દેશના તેમજ આપણાં રાજયમાં H1N1 (સ્વાઈન ફલુ) નો ફેલાવો ઉતરોતર વધતો જાય છે. તેમજ સમાચારપત્રો અને દૂરદર્શનધ્વારા પણ જાણકારી મળે છે. તે માટે નીચે મુજબની સમજદારી, તાત્કાલીક સારવાર જરૂર જણાય છે.

## <u>H1N1 (સ્વાઈન ફલુ) ના ફેલાવો કંઈ રીતે થાય છે</u> ?

– ઋતુગત ફલુના વાયરસથી જેમ જ H1N1 ના વાયરસ ફેલાય છે.
– મુખ્યત્વ અસરગ્રસ્ત વ્યકિતના ખાંસી કે છીંક ખાવાથી આ વાયરસ હવામાં ભળે છે જે અન્ય વ્યકિતના સંપર્કમાં આવતા તે વધુ ફેલાય છે.
– આ વાયરસ જો અસરગ્રસ્ત વ્યકત ધ્વારા કોઈ વસ્તુ કે જગ્યા પર ફેલાયા હોય તો તે વસ્તુ કે જગ્યાના સંપર્કમાં આવવાથી
– જેમ કે કોઈ પદાર્થ કે સપાટી પર વાયરસ હોય તેનો હાથ ધ્વારા સ્પર્શ કરવાથી અને ત્યારબાદ મોં કે નાક પર હાથનો સંપર્ક થવાથી

**લક્ષણો :**

– આ રોગના લક્ષણો ઝડપથી જોવા મળે છે.
– ગળું પકડાવું અને ગળામાં દુખાવો થવો
– શરીર દુખવું, માથામાં દુખાવો થવો
– ખેંચનો અનુભવ થવો
– તાવ આવવો
– કફની અસર
– નાકમાંથી પાણી વહેવું.
– ધણા અસરગ્રસ્ત વ્યકિતઓમાં ઝાડા તથા ઉલ્ટીના પણ લક્ષણો નોંધાવામાં આવ્યા છે.

**આ વાયરસની વધુ અસરથી અત્યંત બીમાર અવસ્થા તેમજ મૃત્યૃ શકય છે**

**સહેલા ઉપાય**

– ઉધરસ કે છીંક આવે ત્યારે તમારું મોઢું અને નાક રૂમાલ કે કપડાથી ઢાંકો.
– નાક, આંખ કે મોઢાને અડકતા પહેલા અને પછી તમારા હાથ વારંવાર સાબુથી ધુઓ.
– તમને તાવ હોય અથવા ઉધરસ અને છીંક આવ્યા કરતી હોયતો ધણા લોકો એકઠા થાય એવી ભીડભાડ વાળી જગ્યાઓથી દુર રહો.

ઉપરના લક્ષણો જણાય તો તાત્કાલીક અત્રેના હેલ્થ સેન્ટરનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

**ગભરાટ નહિ, સમજદારી,**
**તાત્કાલીક સારવાર આપણી જવાબદારી**

**નિયામક**
**વિદ્યાર્થી કલ્યાણ**

**નકલ રવાનાઃ**

(૧) તમામ કોલેજના ગૃહપતિશ્રી/તમામ પોલીટેકનીકના ગૃહપતિશ્રીઓ તરફ જાણ તેમજ વિદ્યાર્થીઓને ઉપરોકત બાબતે વાકેફ કરવા સારું.
(૨) મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આકૃયુ, આણંદ

નકલ રવાના :

(૧) શ્રીમતિ જી.જે. પટેલ, જુ.કલાર્ક, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણની કચેરી, આકૃયુ, આણંદ.

(૨) શ્રી ડી.વી. શર્મા, જુ.કલાર્ક, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણની કચેરી, આકૃયુ, આણંદ

(૩) પગાર ટેબલ, હિસાબી અધિકારી (કેશ), આકૃયુ, આણંદ તરફ ઘટતું થવા સારું.